# પર્યાવરણ પર ઘા: ભડકોદ્રામાં ગોચરમાં વેસ્ટનો નિકાલ થયો

**વેસ્ટના** નિકાલથી માર્ગમાં અવરોધ, પશુઓ માટેની જમીન પણ બગડી જતાં લોકોમાં આક્રોશ


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક હાઈવેને અડીને આવેલા ભડકોદ્રા ગામની સીમમાં બેફામ રીતે વેસ્ટનો નિકાલ કરાયો હોવાની ઘટના સામે આવી હતી. ઉદ્યોગોમાં ડ્રમ મૂકવા માટે ઉપયોગમાં લેવાતાં લાકડાંના પાટિયાનો મોટો જથ્થો ખુલ્લેઆમ ફેંકી દેવાતાં વિસ્તારમાં પ્રદૂષણ અને અવ્યવસ્થા સર્જાઈ હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગોચરની જમીનમાં આ રીતે વેસ્ટ ફેંકાતા ખેડૂતોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. ખેતી માટે જતા માર્ગો અવરોધિત બન્યા છે તેમજ પશુઓ માટેની જમીન પણ બગડી રહી છે. આ મામલે જવાબદાર તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત થઈ રહ્યો છે. ગ્રામજનો અને ખેડૂતો દ્વારા માંગ ઉઠાવવામાં આવી છે કે ગેરકાયદે વેસ્ટ નિકાલ કરનારાઓ સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ ગોચરની જમીન તાત્કાલિક સાફ કરી પૂર્વવત સ્થિતિમાં લાવવામાં આવે.

## તાજપોર બુજરંગના કાકા અને ભત્રીજાને મુડતમાં અકસ્માત

**કાર** અને બાઇક અથડાતાં ગંભીર રીતે ઘાયલ કાકાએ જીવ ગુમાવ્યો

અનાવલ: બારડોલીના તાજપોર બુજરંગ ગામેથી મોરદેવી ગામે ખેતરે જઈ રહેલા કાકા-ભત્રીજાની મોટરસાઈકલને કાર ચાલકે ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ખેડૂતનું સારવાર દરમિયાન મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ બારડોલીના તાજપોર બુજરંગ ગામના આહિરવાસ ફળિયામાં રહેતા કિશોરભાઈ પરાગભાઈ આહિર તા.14/12/2025ના રોજ રવિવારે પોતાની મોટરસાઈકલ નં.(GJ-19-K-6840) પર ભત્રીજા તીર્થ આહિર સાથે વાલોડના મોરદેવી ગામે આવેલા પોતાના ખેતરે જવા માટે નીકળ્યા હતા. બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં મહુવાના મુડત ગામની સીમમાંથી પસાર થતા સમયે પૂરઝડપે આવતી કાર નં.(GJ-05-JS-8385)ના ચાલકે મોટરસાઈકલને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કિશોરભાઈ આહીરને માથા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજા પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પાંચ દિવસ સુધી સારવાર ચાલી હતી, પરંતુ અંતે તા.19/12/2025ના રોજ શુક્રવારે બપોરે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

અકસ્માતમાં કિશોરભાઈના ભત્રીજા તીર્થ આહિરને પણ પગમાં ગંભીર ઈજા પહોંચતાં તેને બારડોલીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી ઓપરેશન કરવામાં આવ્યું છે. આ બનાવ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

### અંકલેશ્વરમાં દારૂ ઝડપાવાના કેસમાં વોન્ટેડ આરોપીની વડોદરાથી ધરપકડ

અંકલેશ્વર: તા.16 ઓક્ટોબરે બાતમીના આધારે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે ટ્રકને અટકાવી તપાસ કરતાં ટ્રકમાં પ્લાસ્ટિકની બેગની આડમાં ચોરખાનું બનાવી લઈ જવાતી 26 હજાર નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જેની અંદાજિત કિં.રૂ.1.36 કરોડથી વધુ હોવાનું બહાર આવ્યું હતું. આ કેસમાં લાંબા સમયથી ફરાર રહેલા વોન્ટેડ આરોપી તથા હરિયાણાના રહેવાસી રાકેશ શબ્બીરસિંગ જાટને વડોદરા ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે વિદેશી દારૂનો આ મોટો જથ્થો કચ્છના ગાંધીધામના બુટલેગરોએ મંગાવ્યો હતો.

### બારડોલીમાં સુંદરમ વિલાના ગેટ પાસેથી બુલેટ ચોરાઈ

બારડોલી: બારડોલીના શાસ્ત્રી રોડ પર આવેલી સત્ય સાંઈ હોસ્પિટલ નજીક, સુંદરમ વિલામાં રહેતા તુષાર મનુભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૫/૧૨/૨૦૨૫ના બપોરથી તા. ૬/૧૨/૨૦૨૫ના સવારના સમયગાળા દરમિયાન આ ચોરી થઈ હતી. ફરિયાદીએ પોતાની કાળા કલરની રોયલ એન્ડફીલ્ડ બુલેટ નં.(GJ-19-BC-5151) સોસાયટીના ગેટ પાસે પાર્ક કરી હતી. જેની અંદાજિત કિંમત રૂપિયા ૭૫,૦૦૦ જણાવવામાં આવી છે. અજાણ્યો ચોર આ બાઈક ચોરી કરી નાસી છૂટ્યો હતો.

## અંકલેશ્વર GIDCમાં સ્મોકિંગ કોન પેપરનો જથ્થો ઝડપાયો

**પોલીસે** રૂ.5.72 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશને પ્રતિબંધિત ઉત્પાદનો સામે કાર્યવાહી કરતા પ્રતિબંધિત "ગોગો સ્મોકિંગ કોન પેપર" નો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ બનાવમાં પોલીસે કુલ રૂ.5.72 લાખના મુદ્દામાલ સાથે બે આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે બે આરોપી ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે માહિતીના આધારે ને.હા. નં. 48ની બાજુમાં આવેલ શિવમ રેસિડેન્સી, ગડખોલ ખાતે દરોડો પાડ્યો હતો.

જ્યાંથી સ્મોકિંગ કોન પેપરના કુલ 819 બોક્સ તથા બે મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં નરેશકુમાર શંકરલાલ પ્રજાપતિ અને હરીશ મંગલારામ પ્રજાપતિનો સમાવેશ થાય છે.

પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે કે આરોપીઓએ આ પ્રતિબંધિત માલનો ગેરકાયદે રીતે વેચાણ કરવા માટે સંગ્રહ કરી રાખ્યો હતો. આ મામલે ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો ભંગ થયો હોવાનું પોલીસનું કહેવું છે.

આ ઘટનાને લઈ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરાર આરોપીઓ દિનેશ પ્રજાપતિ અને રાજારામ પ્રજાપતિની શોધખોળ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

**મહિલા સશક્તિકરણ દિન** | મિશન મંગલમ યોજના ગામડાંની બહેનો માટે આશાનું કિરણ બની

## 50 રૂ. બચતનો ઉદ્યોગ, આજે લાખોનો

**માંડવીના** ગામતળાવખુર્દ ગામના શિવશક્તિ સખી મંડળની બહેનો બની લખપતિ દીદીઓ

**મસાલા** ઉદ્યોગથી પશુપાલન અને વર્મિકોમ્પોસ્ટ સુધીની સફર, બહેનોએ ઊભું કર્યું સ્વરોજગારીનું પ્રેરક મોડેલ


હિતેશ પટેલ

માંડવી: સશક્ત મહિલા દ્વારા જ સશક્ત પરિવાર અને સશક્ત સમાજનું નિર્માણ શક્ય બને છે, ત્યારે મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશથી સરકારે અમલી બનાવેલી મિશન મંગલમ યોજના આજે ગામડાંની બહેનો માટે આશાનું નવું કિરણ બની છે. માંડવીના ગામતળાવખુર્દ ગામનું શિવશક્તિ સખી મંડળ આવું જ એક આદર્શ સખી મંડળ છે. વર્ષ-2010માં માત્ર રૂ.50ની નાની બચતથી શરૂ થયેલા શિવશક્તિ સખી મંડળે સ્વચ્છતા, રોજગાર અને ઊર્જાનો ત્રિવેણી સંગમ રચ્યો છે. ગામને સ્વચ્છ અને સુઘડ બનાવવા તાલુકા પંચાયતના સહકારથી ૭૨ શૌચાલય બનાવ્યાં છે. 21 બહેનોને પશુપાલન અને ગોબર ગેસ પ્લાન્ટની તાલીમ આપી છે. મંડળના પ્રમુખ શર્મિલાબેન હરસિંહભાઈ ચૌધરીના નેતૃત્વમાં બહેનો એકજૂથ બની આર્થિક પ્રગતિના માર્ગે આગળ વધી છે.

વર્ષો-2014માં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મસાલા બનાવવાની તાલીમ પ્રાપ્ત થતાં સખી મંડળે સ્વબચત ભંડોળથી મસાલા ઉદ્યોગની શરૂઆત કરી હતી. ત્યાર બાદ સરકારની મિશન મંગલમ યોજના અંતર્ગત સખી મંડળને રૂ.7 હજારનું રિવોલ્વિંગ ફંડ, રૂ.3 લાખની કેશ ક્રેડિટ અને રૂ.2,500 સ્ટાફફંડની સહાય મળી હતી. આ સહાયના આધારે બહેનોએ મસાલા ઉદ્યોગને વ્યાપક બનાવ્યો છે.

મસાલા ઉદ્યોગ ઉપરાંત પશુપાલન, ખેતી તથા વર્મિકોમ્પોસ્ટ ખાતરનું ઉત્પાદન શરૂ કર્યું અને હાલ પશુપાલન દ્વારા એક દિવસમાં 16 લીટર જેટલું દૂધ ઉત્પાદન થઈ રહ્યું છે, જેના કારણે બહેનોને વધારાની આવક મળી રહી છે. મંડળે અત્યાર સુધીમાં 40થી વધુ શ્રેષ્ઠ કામગીરીનાં પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યાં છે, જેમાં એક મહત્ત્વપૂર્ણ એવોર્ડ રાજ્યપાલના હસ્તે પણ મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે શિવશક્તિ સખી મંડળ દ્વારા સંચાલિત મસાલા ઉદ્યોગથી વાર્ષિક રૂ.19 લાખનું ટર્નઓવર થઈ રહ્યું છે. જ્યારે પશુપાલન પ્રવૃત્તિથી વર્ષનું રૂ.3 લાખ તથા ખેતી અને વર્મીકોમ્પોસ્ટ ખાતર ઉત્પાદનથી રૂ.5 લાખ જેટલું ટર્નઓવર થતા બહેનોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. આ બહુવિધ સ્વરોજગારી મોડેલ આજે અન્ય ગામોની મહિલાઓ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઘલુડી હેડ ક્વાર્ટસ ખાતે રેન્જ આઈજીએ વાર્ષિક ઈન્સ્પેક્શન કર્યું



કામરેજ: કામરેજના ઘલુડી ખાતે સુરત જિલ્લા પોલીસનું રેન્જ આઈજી પ્રેમવીરસિંહની ઉપસ્થિતિમાં વાર્ષિક ઈન્સ્પેક્શન રાખવામાં આવ્યું હતું. ઈન્સ્પેક્શન દરમિયાન સવારે પરેડ અને આઉટડોરની એક્ટિવિટી કરવામાં આવી હતી, જેમાં ચેક મપોસ્ટના ડેમોન્સ્ટ્રેશન, મોબ કન્ટ્રોલ, અશ્વશો, ડોગ શો, બોમ્બ સ્ક્વોડની કામગીરીનું ડેમોન્સ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું. સુરત જિલ્લા પોલીસના અધિકારીઓ તેમજ પોલીસકર્મીઓ દ્વારા ગુના શોધવામાં અને કોર્ટમાં ગુનાઓને સાબિત કરીને આરોપીને સજા અપવવાની સરાહનીય કામગીરી કરનાર જિલ્લા 21 પોલીસ અધિકારી તેમજ પોલીસકર્મીને રેન્જ આઈજી દ્વારા સન્માનપત્ર આપવામાં આવ્યાં હતાં. ઈન્સ્પેક્શનમાં જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા સહિત જિલ્લાના તમામ ડીવાયએસપી તેમજ તમામ પોલીસ ઈન્સ્પેક્ટરો તેમજ પોલીસ કર્મીઓ અને તેમનો પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા. બાદ તેરા તુજકો અર્પણ અને અંતે લોક દરબાર યોજાયો હતો.

### અંકલેશ્વરની રંગ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'વડીલ વંદના'ની ભાવાત્મક ઉજવણી




ભરૂચ: અંકલેશ્વરમાં આવેલ રંગ ઇલ ખાતે બે દિવસીય "દાદા-દાદી/નાના-નાની આપણું ગૌરવ" વિષય પર આધારિત 'વડીલ વંદના'ની અનોખી ઉજવણી કરાઈ હતી. એક સંયુક્ત કુટુંબના વટવૃક્ષ સમાન વડીલો વગર જીવન અધૂરું છે તેવા ઉમદા સંદેશ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અંકલેશ્વર એજ્યુકેશન ઓફિસર (વર્ગ-2) દિવ્યેશભાઈ પરમાર, ઝઘડિયા, વાગરા તાલુકા શિક્ષણાધિકારી જલ્પાબેન વટાણાવાલા, હાંસોટ તાલુકા શિક્ષણાધિકારી જયેશભાઈ પટેલ તેમજ નિવૃત્ત શિક્ષિકા પદ્મિનીબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળા દ્વારા તમામ મહેમાનને ટ્રોફી અને ખેસ પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. બાળભવનથી ધોરણ-2 સુધીનાં ભૂલકાઓએ વિવિધ રંગારંગ કૃતિઓ દ્વારા સંસ્કારોનું સિંચન કરતા આપણા વડીલોને પ્રસ્તુત કર્યા હતા. જેમાં બાળકોએ મનોહર ડાન્સ અને ભાવવાહી કાવ્યગાન રજૂ કર્યા હતા. સાથે સનાતન સંસ્કૃતિના પ્રતીક સમાન શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના શ્લોકોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરી સૌને આકર્ષિત કર્યા હતા.

### હજાત ખાતે સુશાસન સપ્તાહની ઉજવણી



ભરૂચ: સુશાસન સપ્તાહ અંતર્ગત અંકલેશ્વરના હજાત ગામે ક્લસ્ટર કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં નાગરિકોને સરકારની વિવિધ લોકહિતકારી સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

### વ્યારા ખાતે ત્રિદિવસીય સશક્ત નારી મેળાનો પ્રારંભ કરાયો



વ્યારા: તાપી જિલ્લાના વ્યારા સ્થિત દક્ષિણાપથ વિદ્યાલય મેદાન ખાતે વોકલ ફોર લોકલ અને હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી થીમ આધારિત ત્રિદિવસીય સશક્ત નારી મેળો ખુલ્લો મુકાયો હતો. આ રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સહિત કર્મચારીઓ તેમજ મિશન મંગલમ અંતર્ગત સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી. તા.૨૦થી ૨૨ ડિસેમ્બર સુધી ચાલનારા આ મેળામાં તાપી જિલ્લાના વિવિધ સખી મંડળો દ્વારા તૈયાર કરાયેલી હસ્તકલા, ખાદ્ય ચીજવસ્તુઓ અને પ્રાકૃતિક ખેતી આધારિત ઉત્પાદનો, પરંપરાગત આભૂષણો અને ગૃહ સુશોભનની સામગ્રીનું પ્રદર્શન અને વેચાણ માટે સ્ટોલ્સ ઉપલબ્ધ કરવામાં આવ્યાં હતાં. જેની પણ મંત્રીએ મુલાકાત લીધી હતી.

### નેત્રંગની બહેનો ભવ્ય શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહમાં ભાગ લેશે

નેત્રંગ: પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં ગુજરાતમાં ૬૦ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થતાં ગુજરાતભરમાં હીરક જયંતી મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે. જેના ભાગરૂપે તા.૨૧ના રોજ અમદાવાદ ખાતે આવેલ ગુજરાત યુનિવર્સિટીના મેદાનમાં વર્લ્ડ મેડિટેશન ડે નિમિત્તે ભવ્ય શાંતિ અનુભૂતિ દિવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં નેત્રંગ ખાતે આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય શાખા સાથે જોડાયેલી રાજયોગી ભાઈ-બહેનોનું ગ્રુપ સુનીતાદીદીની આગેવાનીમાં જશે અને વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરશે.

### નવી પારડીની વિદ્યામંગલ નિવાસી શાળામાં સપ્તરંગ વાર્ષિકોત્સવ

કામરેજ: નવી પારડીની વિદ્યામંગલ નિવાસી શાળામાં સપ્તરંગ વાર્ષિકોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. આ ઉજવણી અભિનયના રંગોની આ સ્લોગન સાથે શાળાનાં બાળકોએ પોતાની કલા અને પ્રતિભાના સાત રંગો પૂરી અભિનયનો ઓજસ પાથર્યો હતો. આ વાર્ષિકોત્સવમાં કડવા પાટીદાર કેળવણી મંડળના હોદ્દેદારો અને વિદ્યામંગલ નિવાસી શાળાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### તાપી જિલ્લામાં ખોરાક સલામતી નિયમોના ઉલ્લંઘન બદલ કડક કાર્યવાહી

વ્યારા: તાપી જિલ્લામાં મદદનીશ કમિશનર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વ્યારા તાપીના માર્ગદર્શન હેઠળ ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા સમગ્ર જિલ્લામાં કાર્યરત વિવિધ હોટેલો, રેસ્ટોરન્ટો તથા ખાણીપીણીની દુકાનો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ ખાદ્ય પદાર્થ ચકાસણી માટે માન્ય લેબોરેટરીઓમાં મોકલવામાં આવ્યાં હતાં. જેમાં કેટલાક વિવિધ ખામીઓને ધ્યાનમાં લઈને ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા અધિક નિવાસી કલેક્ટર તાપી વ્યારાની કોર્ટમાં ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જિલ્લાભરમાં જાન્યુઆરી-2025થી ડિસેમ્બર-2025 દરમિયાન કુલ 52 જેટલા કેસોમાં રૂ.26,86,000નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

### કણાવ પાટિયા પાસે કારમાંથી દારૂ ઝડપાયો

પલસાણા: 31 ડિસેમ્બરની ઉજવણીના અનુસંધાને ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ સુરત જિલ્લામાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન તેમને બાતમી મળી હતી કે, નવાપુરથી એક કાર મોટી માત્રામાં દારૂનો જથ્થો ભરી બારડોલી થઈને પલસાણા તરફ આવી રહી છે. જેથી SMCની ટીમે કણાવ પાટિયા પાસે નાકાબંધી કરી ઊભા હતા. દરમિયાન બાતમીવાળી ટોયોટા કંપનીની કોરોલો કાર નં.(MH 01 AL 2976)ને અટકાવી કારનો 19 વર્ષીય ડ્રાઇવર યશ શિવભાઇ ગામીત (રહે., સોનગઢ જમાદાર ફળિયું)ને પકડી કારમાં ચેક કરતાં કિં.રૂ.3,85,480 તથા ટોયોટા કોરોલા કારની કિં.રૂ.5 લાખ મળી કુલ રૂ.8,85,480ના મુદ્દામાલ સાથે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ઝડપી પાડ્યો હતો. જ્યારે દારૂ ભરેલી કારનો હેલ્પર ભાવેશ ઉર્ફે ગુડો ગામીત (રહે., સોનગઢ) રેઇડ દરમિયાન નાસી ગયો હતો. તથા દારૂનો જથ્થો મંગાવનાર પ્રવીણ સોમા વાસફોડા (રહે., કેનાલ રોડ, અંત્રોલી) એમ.ડી. વાઇન શોપથી અર્ટિગા કારમાં દારૂ ભરી મહારાષ્ટ્રના લક્કડકોટ ખાતે આપી જનાર અર્ટિગાના ડ્રાઇવર અજાણ્યા માણસ તથા પીન્ટુ ભીમરાવ બડોગે (રહે., નવાપુર, મહારાષ્ટ્ર) મળી કુલ 4 ઇસમને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### ભડકોદ્રામાં ગેરકાયદે વીજ જોડાણ કપાયું


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ અને વીજ કંપનીની સંયુક્ત કાર્યવાહી દરમિયાન ભડકોદ્રા ગામની નવી નગરી વિસ્તારમાં રહેતા એક અસામાજિક તત્ત્વના મકાનમાંથી ગેરકાયદે વીજ જોડાણ ઝડપાયું હતું. આ કાર્યવાહી હેઠળ વીજ જોડાણ તાત્કાલિક કપાવી રૂ.40 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા વીજ કર્મચારીઓને સાથે રાખી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ભડકોદ્રા ગામની નવી નગરી ખાતે રહેતા અસામાજિક તત્ત્વ બલવીન્દ્રસિંહ સુરજીતસિંહ સીકલીગરના મકાનમાં ગેરકાયદે વીજ જોડાણ મળી આવ્યું હતું. આથી વીજ કંપની દ્વારા ગેરકાયદે વીજ કનેક્શન કપાવી નિયમ મુજબ દંડની કાર્યવાહી કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### વ્યારા અને નિઝરમાં રૂ.૪.૭૪ લાખથી વધુ મતદારોનું ડિજિટાઈઝેશન

વ્યારા: તાપી જિલ્લામાં ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ તા.૧/૧/૨૦૨૬ની લાયકાત તારીખને આધારે મતદાર યાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પ્રથમ Enumeration તબક્કાના અંતે વ્યારા તથા નિઝર વિધાનસભા મતદાર વિભાગના કુલ ૫,૧૫,૩૯૬ મતદાર પૈકી ૪,૭૪,૪૭૦ મતદારોના Enumeration Form ડિજિટાઈઝ કરવામાં આવ્યા છે. Enumeration દરમિયાન ૧૫,૯૧૭ મતદાર મૃત, ૧૬,૦૩૧ સ્થળાંતરિત, ૧,૪૭૧ ડુપ્લિકેટ, ૬,૯૬૦ ગેરહાજર તથા ૫૪૭ મતદારે ફોર્મ પરત ન આપતાં કુલ ૪૦,૯૨૬ મતદાર "Uncollectable" શ્રેણીમાં સમાવિષ્ટ થયેલા હોવાથી તેમનાં નામ મુસદ્દા મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં નથી. આખરી મતદાર યાદીમાં નામ સમાવેશ કરવા ઈચ્છતા મતદારો તા.૧૯/૧૨/૨૦૨૫ પછી સંબંધિત મતદાર નોંધણી અધિકારી સમક્ષ ફોર્મ નં.૬ જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરી શકશે. તેમજ મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ "No Mapping" કેટેગરીના મતદારોને નોટિસ આપી પુરાવા રજૂ કરવા જણાવવામાં આવશે અને ત્યારબાદ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

### મોટામિયાં માંગરોળની ઐતિહાસિક ગાદીના ઉર્સ મેળાનો ભવ્ય પ્રારંભ


વિનોદ મૈસુરીયા

વાંકલ: ઘેર-ઘેર સંસ્કાર આપો અર્થાત સંસ્કણ, ઘેર- ઘેર ગાય પાળો, વ્યસન મુક્તિ, કોમી- એકતા, ઘેર-ઘેર વૃક્ષ વાવો તેમજ શિક્ષણ મેળવો, ઘેર- ઘેર અધ્યાત્મનો ઉજાસ સહિત ભાઈચારાનો સંદેશ આપતી તાલુકા મથક મોટામિયાં માંગરોળ મુકામે આવેલી કોમી એકતાના દર્શન કરાવતી વર્ષો જૂની મોટામિયાં માંગરોળની ઐતિહાસિક ગાદી ખાનવાદા-એ-ચિશ્તીયા ફરીદીયા સાબિરીયા દરગાહ શરીફ (ચિશ્તીયા નગર) ખાતે પોષ સુદ એકમથી ૧૫ દિવસ સુધી ઉર્સ મેળાનો પ્રારંભ મંગળવાર તા.20/12/2025થી થયો છે. ઉર્સના પ્રથમ દિવસે રહેઠાણ પાલેજથી મોટામિયાં માંગરોળની ગાદીના હાલના ગાદીપતિ હિઝ હોલીનેસ ખ્વાજા સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી તેમના સુપુત્ર અને ઉત્તરાધિકારી ડો.મતાઉદ્દીન સલીમુદ્દીન ચિશ્તી મોટરમાર્ગે વાયા અંકલેશ્વર, વાલીયા, થઈ મોટામિયાં માંગરોળ આવી પહોંચતાં અંકલેશ્વર, વાલીયા તેમજ દરગાહના ઐતિહાસિક પ્રવેશદ્વાર પર વિવિધ કોમના આગેવાનો દ્વારા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

### અંકલેશ્વર જીઆઈડીસીની લાયન્સ સ્કૂલમાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી લાયન્સ સ્કૂલ દ્વારા વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. "મિટ્ટી કી મહક" થિમ આધારિત આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને લોકસંસ્કૃતિની સુંદર ઝાંખી રજૂ કરી હતી. લાયન્સ ક્લબ ઓફ અંકલેશ્વર ઇન્ડસ્ટ્રિયલ એરિયા કમ્યુનિટી ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ સ્કૂલ (ગુજરાતી માધ્યમ)ના વિદ્યાર્થીઓએ વિવિધ નૃત્ય, ગીત અને નાટ્ય રજૂઆતો દ્વારા દેશપ્રેમ, સંસ્કાર અને લોકવારસાનું આકર્ષક પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓની કૃતિઓને ઉપસ્થિત દર્શકો દ્વારા ભારે પ્રશંસા મળી હતી.